# ECHO OF HIS CALL

# સાદનો પ્રતિસાદ

GUJARATI

India's National Spiritual Newspaper

₹ 10/-

1969 to 2029 ECHO OF HIS CALL SINCE 1969

Published monthly in ENGLISH, TAMIL, MALAYALAM, TELUGU, HINDI, KANNADA, MARATHI, BENGALI, GUJARATI, ODIYA, ASSAMESE, PUNJABI, NEPALI, URDU, SINHALA & AFRIKAN

Editor : S. SAM SELVA RAJ | 16 Languages | Associate Editor : Bro. PANKAJ C. WADIA

VOL: XXVII | YEAR OF OUR LORD JESUS CHRIST, 2026 FEBRUARY | NO: 12


## પવિત્ર બાઈબલ

કૃપા કરી આ ભાગ મોટે કરો

ગીતશાસ્ત્ર ૩૪ : ૧૫ થી ૨૨

૧૫. ન્યાયીઓ પર યહોવાની કૃપાદૃષ્ટિ છે, તેઓની અરજ પ્રત્યે તેના કાન છે.

૧૬. જેઓ ભૂંડું કરે છે તેઓનું સ્મરણ પૃથ્વી ઉપરથી નાબૂદ કરવાને વાસ્તે યહોવાનું મુખ તેઓની વિરુદ્ધ છે.

૧૭. ન્યાયીઓએ પોકાર કર્યો, અને યહોવાએ સાંભળીને સર્વ સંકટમાંથી તેઓને છોડાવ્યા.

૧૮. આશાભંગ થયેલાઓની પાસે યહોવા છે, અને નમ્ર આત્માવાળાને તે તારે છે.

૧૯. ન્યાયી માણસને માથે ઘણાં દુઃખ આવે છે; પણ યહોવા તે સર્વમાંથી તેને છોડાવે છે.

૨૦. તે તેનાં સર્વ હાડકાંનું રક્ષણ કરે છે; તેઓમાંનું એકે ભાંગવામાં આવતું નથી.

૨૧. દુષ્ટોનો સંહાર પોતાની ભૂંડાઈથી થશે; અને ન્યાયીઓના દ્વેષીઓ દોષિત ઠરશે.

૨૨. યહોવા પોતાના સેવકોના પ્રાણોનો ઉદ્ધાર કરે છે; તેના પર ભરોસો રાખનારામાંથી એકે દોષિત ઠરશે નહિ.

## તમારી સંપૂર્ણ સમર્પિતતા તમને ભરપૂરીપણા સાથેના આશીર્વાદો તરફ દોરી લઈ જશે!

YOUR COMPLETE SURRENDER WILL LEAD TO ABUNDANT BLESSINGS!

– બહેન એન્જલ





આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તના મૂલ્યવાન નામમાં શુભેચ્છાઓ.

હું ભરોસો રાખું છું અને પ્રાર્થના કરું છું કે તમે આશીર્વાદિત જાન્યુઆરી સાથે વર્ષની મજબૂત શરૂઆત કરી હશે. ઘણા લોકો માટે, જાન્યુઆરી અલગ અલગ રીતે પડકારજનક મહિનો બની શકે છે. મારી પ્રાર્થના છે કે જ્યારે તમે ૨૦૨૬માંની મુસાફરીમાં આગળ વધી રહ્યા છો ત્યારે ઈશ્વરની શાંતિ, કૃપા અને સામર્થ્ય તમને નીભાવી રાખો.




એક સારી શરૂઆત મહત્વપૂર્ણ છે, પણ તેનાથી પણ વધુ મહત્વનું એ છે કે આપણે કેવી રીતે તે પૂરી કરીએ છીએ. હું પ્રાર્થના કરું છું કે પ્રભુ આ વર્ષને ખ્રિસ્ત ઈસુમાં ફળદાયી અને વિજયી બનાવો, અને ૨૦૨૬નો અંત તેની શરૂઆત કરતાં વધુ ગૌરવપૂર્ણ અને આશીર્વાદરૂપ બનો.

(અનુસંધાન પાન ૩ પર)




ઈકો ઓફ હીઝ કોલ

ખ્રિસ્તી યૂટ્યૂબ ચેનલ !

પાળક એસ. સામ સેલ્વરાજ સાથે

પ્રાર્થના કરવાની એક તક!

પાંચ મિનિટોમાં સંદેશો, પ્રાર્થના!!

અંગ્રેજી, હિન્દી, તામિલ અને તેલગુ

દરરોજ – સવારે ૨.૦૦ વાગે થી

તમિલ રવિવારની ભજનસેવા – સવારે ૮.૩૦ વાગે

* Please Subscribe and Share *

# ECHO OF HIS CALL - (Marching towards 60th year)

Estd. 1969

## from your dearly beloved brother...





"યહોવા તને સર્વનું શિર બનાવશે, પણ પુચ્છ નહિ."

– પુનર્નિયમ ૨૮:૧૩

પ્રભુમાં પ્રિય વહાલાઓ,

અમે આપણા પ્રભુ અને તારનાર ઈસુ ખ્રિસ્તના સૌથી અદ્‌ભુત નામમાં આપ સર્વને સલામ પાઠવીએ છીએ!



*સેન્ટ પોલ મેટ્રિક્યુલેશન સ્કૂલમાં આયોજિત નાતાલની સભા*

પ્રભુએ પાછલા મહિનામાં આપણી સર્વ મિનિસ્ટ્રીજને કૃપાળુ રીતે આશીર્વાદિત કરી છે. જ્યારે આપણે આ મહિનામાં દાખલ થવા જઈ રહ્યા છીએ, ત્યારે અમારી પાસે ઘણા બહારની અને સ્થાનિક મિનિસ્ટ્રીજો પરિપૂર્ણતાની રાહ જોઈ રહી છે.

અમારા સેક્રેટરી ડો. પી.ઈ. આર. પ્રેમચંદે **સેન્ટ પોલ મેટ્રિક્યુલેશન સ્કૂલમાં** આયોજિત સભામાં વચનની સેવા આપી હતી. આ ઉપરાંત, અમારી **નહેમ્યા બાઈબલ કોલેજના** વિદ્યાર્થીઓ અને અમારા ચર્ચના વિશ્વાસીઓ દ્વારા ડિસેમ્બર મહિના દરમિયાન વિવિધ બહારી સેવાકાર્યો હાથ ધરવામાં આવ્યા હતા.

ગયા વર્ષે, અમે અમારી યુટ્યુબ મિનિસ્ટ્રીમાં નોંધપાત્ર વૃદ્ધિ થતી જોઈ હતી. આ સંદેશા દ્વારા વિશ્વભરના ઘણા લોકો આશીર્વાદ પામ્યા હતા.



*યુટ્યુબ મિનિસ્ટ્રી ટીમ*

અમે નમ્રતાપૂર્વક અમારા કર્મચારીઓ કે જેઓ આ મિનિસ્ટ્રીમાં વિશ્વાસુપણે સંકળાયેલા છે, તેમને માટે તમારી પ્રાર્થનાઓની વિનંતી કરીએ છીએ.

### આપણી મિશન નીતિ

આપણે સમકાલીન પેઢીને પ્રાચીન અને પ્રારંભિક પ્રેરિતોનું ઉચ્ચગુણવત્તાવાળું શિક્ષણ સમજાવવું જોઈએ અને શીખવવું જોઈએ. આ સમયની જરૂરિયાત છે.

HON. EDITOR-IN-CHIEF
Rev. Dr. Angeline S. Kumari, M.A., M.Sc., M.Ed.
EX MANAGING EDITOR
Pastor Alex Samson Sam, B.Th., M.Div.
GENERAL MANAGER
Bro. N. Prakasam, M.A., M.Sc.(C&P), PGDHRM, MBA.
ADMINISTRATION
Sis. Jesy Veena Sam
Adv. K. Puratchivendan, M.Com., C.A., B.L.
Dr. P.E.R. Premchand, M.Sc., M.A., M.Ed., Ph.D.
Dr. C.G.S. Baburao, B.Tech., M.Tech. (DM), Ph.D.
Dr. Rabinder Boaz, M.S. (CMC)
EDITORIAL BOARD
Dr. Serena Bevin, M.A., M.Phil., B.Ed.
Sis. Sajini Cherian
Rev. Dr. K.R. Rajasekaran
Rev. Dr. William Robert, Ph.D., DD, D.Lit.

EDITOR, PUBLISHER & PRINTER
Pastor S. SAM SELVA RAJ
Echo of His Call Printers
10, Mohammed Abdullah 2nd Street,
Chepauk, Chennai- 600 005, India.
Phone : (+ 91- 44) 2852 8282, 2852 9293, 2854 7766
Cell : (+91) 98410 71852, 98412 71858 95661 31858
E.MAIL
sam@echoofhiscall.org
biblecor@yahoo.co.in
WEBSITES
www.echoofhiscall.org
www.stpaulsmatriculation.org
YOUTUBE CHANNEL
Echo of His Call

અમે અમારા ચર્ચમાં એક વધારાની હિન્દી મિનિસ્ટ્રી પણ શરૂ કરી છે, ખાસ કરીને હિન્દી ભાષી સ્થળાંતરિત કામદારોને માટે. હિન્દી પ્રાર્થના સભા દર બુધવારે સાંજે ૭:૦૦ કલાકે આયોજિત કરવામાં આવે છે. આ અર્થપૂર્ણ અને ખૂબ જ જરૂરી મિનિસ્ટ્રી માટે અમે તમારી પ્રાર્થનાની નિષ્ઠાપૂર્વક વિનંતી કરીએ છીએ.

કૃપા કરીને અમારી મિનિસ્ટ્રીજોને અને કાર્યાલયમાં ફરજ બજાવતા કર્મચારીઓને તમારી પ્રાર્થનામાં યાદ રાખશો, કેમ કે તેઓ વિવિધ મુશ્કેલીઓ અને પડકારો છતાં ખંતપૂર્વક સેવા આપતા રહ્યા છે.

અમારી સર્વ મિનિસ્ટ્રીજો તમારી મૂલ્યવાન પ્રાર્થનાઓ અને ઉદાર સમર્થન દ્વારા પ્રગતિ કરી રહી છે.

આવો ઈશ્વરની કૃપા તમ સર્વ પર રહો. આમીન!

*ઈસુ ખ્રિસ્તમાં, તમારા ભાઈ,*

**પાસ્ટર એસ. સામ સેલ્વ રાજ,**
E.mail : sam@echoofhiscall.org

(પાન ૧થી આગળ...)

## એક રાજા કે જેણે સારી શરૂઆત કરી હતી પણ સારી રીતે પૂરું કર્યું નહિ!

આ સત્ય મને અમાસ્યા રાજાની યાદ અપાવે છે જેણે તેની મુસાફરી મજબૂત રીતે શરૂ કરી હતી, છતાં તેનો અંત દુ:ખદ હતો. શાસ્ત્ર કારણ સ્પષ્ટપણે જણાવે છે:

**"તેણે યહોવાની દ્રષ્ટિમાં જે સારું હતું તે કર્યું, પણ ખરા અંત:કરણથી નહિ."**
– ૨ કાળવૃત્તાંત ૨૫:૨

## અમાસ્યા કોણ હતો?

- અમાસ્યા યોઆશનો પુત્ર હતો જે સાત વર્ષની વયે રાજા બન્યો હતો.
- તે યહૂદિયાનો નવમો રાજા હતો.
- તેની વાત ૨ રાજાઓ ૧૪માં અને ૨ કાળવૃત્તાંત ૨૫માં નોંધવામાં આવી છે.

બાઈબલ આપણને કંઈક અદ્ભુત કહે છે – અને હજુ ઊંડાણપૂર્વક સંબંધિત છે:



યહૂદિયાનો ૯મો રાજા

**તેણે યહોવાની દ્રષ્ટિમાં જે સારું હતું તે કર્યું, પણ ખરા અંત:કરણથી નહિ.**

- ખરા અંત:કરણ વિના ઈશ્વરની સેવા કરવાનો શું અર્થ થાય છે?
- શું ઈશ્વરની આગળ જે યોગ્ય છે તે કરવું શક્ય છે અને તેમ છતાં સંપૂર્ણપણે શરણે ન થવું, સમર્પિત ન કરવું?
- જ્યારે આપણું અંત:કરણ વિભાજિત રહે છે ત્યારે શું આપણે બહારથી ઈશ્વરની સેવા કરી શકીએ?

અમાસ્યા શાસ્ત્રમાં સૌથી દુ:ખદ રાજાઓમાંનો એક હતો – એટલા માટે નહિ કે તે દુષ્ટ હતો, પરંતુ એટલા માટે કે તે લગભગ સારો હતો, આંશિક રીતે આજ્ઞાકારી અને અર્ધ અંત:કરણવાળો હતો.

- તેણે આજ્ઞા પાળી હતી
- તેણે સારું કર્યું હતું
- તે ઈશ્વરની આજ્ઞાને અનુસર્યો હતો

તેમ છતાં તેનું અંત:કરણ સંપૂર્ણ રીતે સમર્પિત ન થયું? આ ફક્ત અમાસ્યાની વાત નથી – તે ઘણા વિશ્વાસીઓની વાત છે. આપણે ઈશ્વરને પ્રેમ કરીએ છીએ. આપણે તેમને અનુસરીએ છીએ. તેમ છતાં આપણા જીવનોના એવા ક્ષેત્રો હોઈ શકે છે જેને આપણે તેમને માટે મર્યાદિત રાખ્યા છે.

આપણે કદાચ:

- દેવળમાં હાજરી આપીએ છીએ
- વિશ્વાસુપૂર્વક સેવા કરીએ છીએ
- દાન આપીએ છીએ
- જરૂરીયાતમંદ લોકોને સહાય કરીએ છીએ
- ઘણા ક્ષેત્રોમાં આજ્ઞા પાળીએ છીએ

પણ નિર્ણાયક પ્રશ્ન રહે છે:

ઈશ્વરની આગળ આપણું અંત:કરણ ક્યાં છે ?

મારા પિતા વારંવાર કહેતા હતા, "આંશિક આજ્ઞાપાલન એ સંપૂર્ણ આજ્ઞાભંગ છે."

આ વર્ષની શરૂઆતમાં, એક પ્રશ્ન આપણે પૂછવો જોઈએ કે શું આપણે ૨૦૨૬ સારી રીતે પૂરું કરવા માંગીએ છીએ:

## ખાસ તાકીદની સૂચના!




ત્યાં કદાચ નજીકના ભવિષ્યમાં ઈકો ઓફ હીજ કોલની ટપાલ મોકલવામાં અનિવાર્ય વિક્ષેપ થઈ શકે છે. જો તમે કોઈ પણ વિક્ષેપ કે અવરોધ વિના ઈકો ઓફ હીજ કોલ પ્રાપ્ત કરવાનું ચાલુ રાખવા માંગતા હો, તો કૃપા કરીને અમને તરત જ તમારું નામ, સરનામું, ઈમેઈલ સરનામું અને વોટ્સએપ નંબર, પત્ર દ્વારા, ઈમેઈલ, ફોન અથવા એસએમએસ/વોટ્સએપ સંદેશા દ્વારા મોકલશો. તમારો ટેકો, પ્રોત્સાહન અમને તમારી વધુ સારી સેવા કરવામાં સહાયરૂપ બને છે!

અમારું સરનામું :

**ECHO OF HIS CALL,**
**10, Mohammed Abdullah 2nd Street, Chepauk, Chennai-600 005, India**
**Cell: (+91) 98412 71858 / 98410 71858 E.mail: sam@echoofhiscall.org**

"શું હું ખરા અંતઃકરણ સાથે કે તે વિના યોગ્ય કરી રહ્યો છું?"

## અમાસ્યાના જીવનમાંથી શીખવાના પાઠ!

મને યહૂદિયા તથા ઈસ્રાએલીના રાજાઓના જીવનો પર મનન કરવું ગમે છે. તેમની વાતો ઘણી વાર આપણા પોતાના જીવનો માટે શક્તિશાળી પાઠો અને દર્પણો પૂરા પાડે છે. અમાસ્યાએ સારી શરૂઆત







*અમાસ્યાએ સારી શરૂઆત કરી હતી પણ, તેણે સારી રીતે પૂરું કર્યું નહોતું*

કરી હતી, પણ આગળ જતાં કંઈક ખોટું થયું હતું - અને તે ગંભીર પરિણામો તરફ દોરી લઈ ગયું હતું.

## ૧. પ્રતિબદ્ધતા! -

### અમાસ્યાએ સારી શરૂઆત કરી હતી!

(૨ કાળવૃત્તાંત ૨૫:૧-૧૦)

**"તેણે યહોવાની દ્રષ્ટિમાં જે સારું હતું તે કર્યું, તોપણ તેના પિતા દાઉદની પેઠે નહિ; તેણે તેના બાપ યોઆશનાં સઘળાં કૃત્ય પ્રમાણે કર્યું."** - ૨ રાજાઓ ૧૪:૩

અમાસ્યાએ મજબૂત શરૂઆત કરી હતી અને ઘણા ક્ષેત્રોમાં આજ્ઞાપાલન દર્શાવ્યું હતું.



*દાઉદે જેમ કર્યું હતું તેમ અમાસ્યાએ કર્યું નહોતું; દરેક બાબતમાં તે તેના પિતા યોઆશના ઉદાહરણને અનુસર્યો હતો.*

### અ. ઈશ્વરના વચન પ્રત્યે આજ્ઞાપાલન અને ન્યાય!

જ્યારે અમાસ્યાનું રાજ્ય તેના હાથમાં સ્થિર થયું, ત્યારે તેણે તેના પિતાની હત્યા કરનારાઓનો ન્યાય કર્યો હતો. જોકે, તેણે ઈશ્વરના નિયમશાસ્ત્રનું પાલન કરતા, તેમના છોકરાંઓને મારી નાખ્યા નહોતાંઃ

**"તેમના બાપોના પાપોને લીધે છોકરાં માર્યા ન જાય."** (પુનર્નિયમ ૨૪:૧૬)

**આ માટે નીડરતાની જરૂર હતી. તેને બદલો લેવાનો ડર લાગ્યો હશે, પણ તેણે આજ્ઞાપાલન પસંદ કર્યું હતું.** (૨ રાજાઓ ૧૪:૬) **અથાલ્યાથી વિપરીત** (૨ રાજાઓ ૧૧:૧), જેણીએ સંભવીત વારસોને મારી નાખ્યાં હતાં, અમાસ્યાએ ઈશ્વરના નિયમશાસ્ત્રને માન આપ્યું હતું. તેણે શરૂઆત સારી કરી હતી.

### બ. અંગત નુકસાન છતાં આજ્ઞાપાલન!

અમાસ્યાએ ઈસ્રાએલમાંથી ૧૦૦,૦૦૦ સૈનિકો ભાડે રાખ્યા હતા, જે એક ખર્ચાળ રોકાણ હતું. જ્યારે પ્રબોધકે તેને તેઓનો ઉપયોગ ન કરવાની સૂચના



*પણ જે સો તાલંત મેં આપ્યા છે તેનું આપણે કેમ કરવું?*

આપી, ત્યારે અમાસ્યાએ એક નિષ્ઠાવાન પ્રશ્ન પૂછ્યો હતો!

**"પણ જે સો તાલંત મેં આપ્યા છે તેનું આપણે કેમ કરવું?"** ૨ કાળવૃત્તાંત ૨૫:૯.

પ્રબોધકે જવાબ આપ્યો હતોઃ

**"તને એ કરતાં પણ વિશેષ આપવાને યહોવા સમર્થ છે."** ૨ કાળવૃત્તાંત ૨૫:૯.

જો કે આજ્ઞાપાલન તેને માટે ખૂબ જ ખર્ચાળ હતું, તેમ છતાં અમાસ્યાએ સાંભળ્યું હતું. તેણે સૈનિકોને ઘરે પાછા મોકલી દીધા હતા અને ઈશ્વર પર ભરોસો રાખ્યો હતો.

આજ્ઞાપાલન હંમેશા ખર્ચાળ હોય છે - પણ આજ્ઞાભંગની કિંમત એથી પણ ઘણી વધારે છે.

આ સમયે, અમાસ્યા એક ઈશ્વરભક્ત રાજા તરીકે જણાતો હતો, અને ઈશ્વરે તેનું સન્માન કર્યું હતું.

(આગળ પાન ૬ પર...)

GREAT COMMISSION PARTNERS

ECHO OF HIS CALL MINISTRIES SINCE 1969

# મહાન આદેશના ભાગીદારો



વહેંચવું (ગલાતીઓને પત્ર ૬:૨), મદદ કરવી (રોમનોને પત્ર ૧૨:૧૩), અને ઝડપ કરવી (રતિમોથીને પત્ર ૧:૬)

**સ્તુતિ તથા પ્રાર્થનાના મુદ્દાઓ ૧૯ ફેબ્રુઆરી ૨૦૨૬ થી ૧૮ માર્ચ ૨૦૨૬ સુધી**

(મેહરબાની કરીને આ પાન કાઢો, તેને વાળો અને તે તમારા બાઈબલમાં મૂકો અને નિરંતર પ્રાર્થના કરો)

## ઈશ્વરની સ્તુતિ કરવાના મુદ્દાઓ....

**ફેબ્રુઆરી ૧૯ :** એક અદ્ભૂત મીડિયા ટીમ જે અમારી **ઈકો ઓફ હિઝ કોલ** યુટ્યુબ ચેનલના સરળ ટ્રાન્સમિશનમાં અમને મદદ કરે છે.

**ફેબ્રુઆરી ૨૦ :** અમારા ભાગીદારોના નૈતિક અને નાણાકીય સહાયથી અમને આશીર્વાદિત કરવા માટે.

**ફેબ્રુઆરી ૨૧ :** અમારા ૨૦૨૬ના માસિક કેલેન્ડર અને પ્રોમિસ કાર્ડને છાપવા માટેના અને તેને વિવિધ સ્થળોએ રવાના કરવાના કામને પૂર્ણ કરવા માટે અમને કૃપા આપી તે માટે.

**ફેબ્રુઆરી ૨૨ :** **નહેમ્યા બાઈબલ કોલેજોમાં** તથા, **સેન્ટ પોલ મેટ્રિક્યુલેશન સ્કૂલમાં** આયોજિત અમારા ખાસ નાતાલ તથા નવા વર્ષના કાર્યક્રમોને આશીર્વાદિત કરવા માટે.

**ફેબ્રુઆરી ૨૩ :** અમારી બધી ચર્ચ પ્રવૃત્તિઓમાં ભાગ લેવા માટે ઉત્સાહ સાથે યુવાનોને આશીર્વાદિત કરવા માટે.

**ફેબ્રુઆરી ૨૪ :** અમારા **મીડિયા મિનિસ્ટ્રીને** અને **ઈકો ઓફ હિઝ કોલ** યુટ્યુબ ચેનલને વણખેડાયેલા બહુભાષી લોકો સુધી પહોંચાડવામાં આશીર્વાદિત કરવા માટે.

**ફેબ્રુઆરી ૨૫ :** આપણા પ્રાર્થના ભાગીદારો, લવાજમ ભાગીદારો, વિશ્વાસના ભાગીદારો, જીવનસાથી ભાગીદારો અને મહાન આદેશના ભાગીદારો પરની અને તેમના કુટુંબો પર તેમની ભરપૂર દયાને માટે.

**ફેબ્રુઆરી ૨૬ :** અમારી ચર્ચ મિનિસ્ટ્રીને વધુ સંગઠિત રીતે કામ કરવા આશીર્વાદિત કરવા માટે.

**ફેબ્રુઆરી ૨૭ :** અમારા વડીલ પાળક અને એસ. સામ સેલ્વ રાજ અને તેમના કુટુંબના સભ્યોને દરેક દુષ્ટ પરીબળોથી સુરક્ષિત રાખવા માટે.

**ફેબ્રુઆરી ૨૮ :** અમારા **ઈકો ઓફ હીઝ કોલના** કર્મચારીવર્ગના સભ્યો અને તેમના પરિવારોને સારી તંદુરસ્તી અને દૈવી સલામતીથી આશીર્વાદિત કરવા માટે.

**માર્ચ ૦૧ :** અમારા **બાઈબલ પત્રવ્યવહાર અભ્યાસક્રમ** અને **ઈશ્વરવિદ્યાના પત્રવ્યવહાર અભ્યાસક્રમની** વૃદ્ધિને માટે.

**માર્ચ ૦૨ :** ઈશ્વરના વચનનું સામર્થ્ય મુખ્ય ચર્ચ અને શાખા ચર્ચોમાંની અમારી રવિવારની ભજનસેવાઓમાં પ્રગટ થાય તે માટે.

**માર્ચ ૦૩ :** અમને આપણા ૧૬ ભાષાઓમાંના અમારા સામયિકોને છાપવામાં અને પ્રકાશિત કરીને બહારના મિશન વિસ્તારોમાં મોકલવામાં સક્ષમ કરવા માટે.

**માર્ચ ૦૪ :** આપણા **સેન્ટ પોલ મેટ્રીક્યુલેશન સ્કૂલના** આચાર્ય, શિક્ષકો તથા અન્ય કર્મચારી સભ્યોને આશીર્વાદિત કરવા માટે.

## કૃપા કરીને આ માટે પ્રાર્થના કરશો...

**માર્ચ ૦૫ :** ખ્રિસ્તી ઉપદેશકો ભેળસેળ વિના સંપૂર્ણ રીતે ઈશ્વરના વચનનો ઉપદેશ આપે તે માટે.

**માર્ચ ૦૬ :** શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ માટે અમારી નિવાસી અને સાંધ્ય **નહેમ્યા બાઈબલ કોલેજોમાં** લાયક વિદ્યાર્થીઓના પ્રવેશને માટે.

**માર્ચ ૦૭ :** શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ માટે અમારી **સેન્ટ પોલ મેટ્રિક્યુલેશન સ્કૂલ** માટે નવા વિદ્યાર્થીઓના પ્રવેશને માટે.

**માર્ચ ૦૮ :** સર્વ દેશોના બાળકો અને જુવાનો ઈસુ ખ્રિસ્તને તેમના અંગત તારણહાર તરીકે સ્વીકારે તે માટે.

**માર્ચ ૦૯ :** અમારા સહ સંપાદકો અને તેમના કુટુંબના સભ્યોને માટે.

**માર્ચ ૧૦ :** વૃદ્ધાશ્રમમાં વૃદ્ધ લોકોના આરોગ્ય અને શાંતિને માટે.

**માર્ચ ૧૧ :** અમારી **સેન્ટ પોલ મેટ્રિક્યુલેશન સ્કૂલના** ૧૦મા ધોરણના વિદ્યાર્થીઓ તેમની અંતિમ પરીક્ષામાં ઉત્કૃષ્ટ પરિણામ પ્રાપ્ત કરે તે માટે.

**માર્ચ ૧૨ :** અમારી **ઈકો ઓફ હિઝ કોલની યૂટ્યુબ** મિનિસ્ટ્રી વણખેડાયેલા લોકો સુધી પહોંચે તે માટે.

**માર્ચ ૧૩ :** અમારી **નહેમ્યા બાઈબલ કોલેજના** વિદ્યાર્થીઓ દ્વારા ગ્રેજ્યુએશનની સફળતાપૂર્વક પૂર્ણતાને માટે.

**માર્ચ ૧૪ :** આપણા પ્રાર્થના ભાગીદારો, લવાજમ ભાગીદારો, વિશ્વાસના ભાગીદારો, જીવનસાથી ભાગીદારો અને મહાન આદેશના ભાગીદારો પરની અને તેમના કુટુંબોના જીવનમાં તેમની ભરપૂર દયાની વૃદ્ધિને માટે.

**માર્ચ ૧૫ :** વિશ્વભરના દેશોને યુદ્ધથી દૈવી સુરક્ષા પૂરી પાડવા માટે.

**માર્ચ ૧૬ :** વિશ્વભરના મિશનરી કાર્યકર્તાઓને દૈવી સુરક્ષા પૂરી પાડવા માટે.

**માર્ચ ૧૭ :** સર્વ દેશો પર અને તેઓના આર્થિક વિકાસ પરના તેમના આશીર્વાદોને માટે.

**માર્ચ ૧૮ :** અમારા વડીલ પાળક એસ. સામ સેલ્વ રાજ અને તેમના કુટુંબના સભ્યોને દરેક દુષ્ટ પરીબળોથી સલામતી પૂરી પાડવા માટે.

(પાન ૪ પરથી આગળ...)



*અમાસ્યાએ સૈનિકોને ઘરે પાછા મોકલી દીધા હતા*

**તેમ છતાં શાસ્ત્ર આપણને ચેતવણી આપે છે:**

**તેણે સારું હતું તે કર્યું...પણ ખરા અંતઃકરણથી નહિ.**

## ક. સંપૂર્ણ સમર્પણ વિનાની પ્રતિબદ્ધતા!

અમાસ્યા દુષ્ટ કે બંડખોર નહોતો. તે તેના ધાર્મિક પિતા યોઆશને અનુસર્યો હતો – દાઉદની પેઠે નહિ, જેણે પોતાના પૂરા અંતઃકરણથી ઈશ્વરની સેવા કરી હતી



*શાલેમનો અર્થ છે સંપૂર્ણ સમર્પિતતા*

તેણે સારી શરૂઆત કરી હતી, પણ ઈશ્વર સારી શરૂઆત કરનારાને જોતા નથી પણ સારી રીતે પૂર્ણ કરનારને જુએ છે. અમાસ્યાએ સારું કર્યું હતું પણ ખરા અંતઃકરણ સાથે નહિ.

હીબ્રુ શબ્દ ''શાલેમ'' નો અર્થ થાય છે સંપૂર્ણ, પૂર્ણ, અવિભાજિત, સંપૂર્ણ સમર્પણ.

અમાસ્યાની સમસ્યા આંશિક આજ્ઞાપાલન હતું. તે બાહ્ય રીતે ઈશ્વરને અનુસર્યો હતો, પણ તેના અંતઃકરણના વિસ્તારોને અસ્પર્શ કરવાથી રાખ્યા હતા.

વહાલા ભાઈઓ તથા બહેનો, તે શક્ય છે:

- દશાંશો આપવા
- વિશ્વાસપૂર્વક સેવા કરવી
- નૈતિક રીતે જીવવું

તેમ છતાં હજુ પણ અભિમાન, માફી ન આપવી, વાસના, ગપસપ, છુપાયેલા પાપો અથવા સ્વ-ન્યાયને વળગી રહેવું.

આંતરિક સમર્પિતતા વિના બાહ્ય આજ્ઞાપાલન આત્મિક શૂન્યતા તરફ દોરી લઈ જાય છે. વ્યક્તિ ઊંડી રીતે મૂળથી જડેલો હોવો જોઈએ અને ઉપરની તરફ ફળ આપતો હોવો જોઈએ.



*વ્યક્તિ ઊંડી રીતે મૂળથી જડેલો હોવો જોઈએ અને ઉપરની તરફ ફળ આપતો હોવો જોઈએ*

## ૨. સમાધાન! –

### તેણે જેની મંજૂરી આપી હતી તેનો તેઓએ આખરે નાશ કર્યો હતો!

(૨ કાળવૃત્તાંત ૨૫:૧૧-૧૬)

**''ઉચ્ચસ્થાનો કાઢી નાખવામાં આવ્યાં નહિ'';** – ૨ રાજાઓ ૧૪:૪

અમાસ્યાએ એ સહન કર્યું હતું કે જેનો તેણે નાશ કરવો જોઈતો હતો.

સમાધાન હંમેશા નાની રીતે શરૂ થાય છે – પણ આજે આપણે જે સહન કરીએ છીએ તે આવતીકાલે આપણા પર પ્રભુત્વ ધરાવશે, આપણને કાબૂમાં કરશે.

## અ. વિજય પછી ઘમંડ ગૌરવ!



*અમાસ્યા તેઓની મૂર્તિઓને પાછો લઈ આવ્યો હતો અને તેમની ઉપાસના કરી હતી*

(આગળ પાન ૮ પર...)

નહેમ્યા બાઈબલ કોલેજો
લાયકાત: ૧૦મું ધોરણ પાસ કે તેથી વધુ
ચેપોક અને સંથોષપૂરમ, વેલાચેરી, ચેનાઈ
ધર્મશાસ્ત્રમાં ડિપ્લોમા & Bachelor of Theology
માધ્યમ : તામિલ (અર્ધ સમય માટે)
હિન્દી (નિવાસી) (સ્પોન્સરશિપ ઉપલબ્ધ છે)
પ્રવેશ માટે ઝડપ કરશો!
માન્યતા પ્રાપ્ત: છેલ્લા ૫૬ વર્ષોથી આંતરરાષ્ટ્રીય ખ્રિસ્તી આગેવાનો અને વડીલ પાળકો દ્વારા
સંપર્ક કરો : ચેરમેન – નહેમ્યા બાઈબલ કોલેજ
10, MOHAMMED ABDULLAH 2ND STREET, CHEPAUK, CHENNAI - 600 005, INDIA.
Phone : (+91-44) 2852 8282, Cell : (+91) 98410 71852 / 95661 31858
E.mail : sam@echoofhiscall.org / Website : www.echoofhiscall.org

## મુખ્ય ચર્ચના કાર્યક્રમો :

૧. પ્રાર્થના ભજનસેવાઃ ૨૪ કલાકો
૨. ઈકો ઓફ હીજ કોલ - માસિક સામયિકો : અંગ્રેજી, તામિલ, મલયાલમ, તેલગુ, હિંદી, મરાઠી, કન્નડ, બંગાલી, ગુજરાતી, ઉડીયા, આસામી, પંજાબી, નેપાલી, ઊર્દુ, સિંહાલા અને આફ્રિકન્સ
૩. બાઈબલકોર - મૂળભૂત બાઈબલ અભ્યાસક્રમ (અંગ્રેજી, તામિલ અને હિંદી)
૪. ઈશ્વરવિદ્યાના પત્રવ્યવહાર અભ્યાસક્રમો - અંગ્રેજી અને તામિલ
૫. નહેમ્યા બાઈબલ કોલેજો - (ચેપોક, સંથોષપૂરમ અને વેલાચેરી)
૬. શાખા ચર્ચોઃ સંથોષપુરમ, બાલાજી નગર અને વેલાચેરી
૭. મહાન આદેશના ભાગીદારો (પાળકોનું માળખું)
૮. તાલીમ કાર્યક્રમો - સેમિનાર અને રિટ્રીટ્સ
૯. કુસેડો
૧૦. સાહિત્ય વિતરણ અને તેનું ફોલો અપ
૧૧. સુવાર્તા છાપખાનું - પ્રકાશનો
૧૨. સેન્ટ પોલ મેટ્રીક્યુલેશન સ્કૂલ - આંગ્લ અંગ્રેજી માધ્યમિક શાળા
૧૩. રવિવારની સાબ્બાથશાળાઓ - રવિવારે સવારે ૧૦.૩૦ અને સાંજે ૩.૦૦ વાગે. (ચેપોક, વેલાચેરી, બાલાજી નગર અને સંથોષપૂરમ)

**૧૪. વહેલી સવારની ભજનસેવા - રવિવારે સવારે ૫.૩૦ વાગે**
**૧૫. પ્રારંભિક ભજનસેવા - રવિવારે સવારે ૮.૦૦ વાગે**
**૧૬. તામિલ ભજનસેવા - રવિવારે સવારે ૮.૩૦ વાગે**
**૧૭. જુવાનોની સભા - રવિવારે બપોરે ૧૧.૦૦ વાગે**
**૧૮. સહભાગીતા ભોજન - રવિવારે બપોરે ૧ વાગે**
**૧૯. તેલગુ ભજનસેવા - રવિવારે સાંજે ૫.૦૦ વાગે**
**૨૦. હિન્દી ભજનસેવા - રવિવારે સાંજે ૬.૦૦ વાગે**
**૨૧. તામિલ અને અંગ્રેજી ભજનસેવા - રવિવારે સાંજે ૬.૦૦ વાગે**

૨૨. પ્રતિભાવ સમય - સાંજે ૭.૩૦ વાગ્યે રવિવાર
૨૩. મહિલાઓની પ્રાર્થનાસભા - બુધવારે સાંજે ૫.૩૦ વાગે
૨૪. પુરૂષોની પ્રાર્થનાસભા - શુક્રવારે સાંજે ૭.૦૦ વાગે
૨૫. અનુશાસનતા બેઠકો - શનિવારે સાંજે ૬.૦૦ વાગે
૨૬. ગૃહ બેઠકસભાઓ - મંગળવારે અને ગુરૂવારે સાંજે ૬.૩૦ વાગે
૨૭. ખાસ પવિત્ર પ્રભુભોજન સંગત - દરેક મહિનાના પ્રથમ દિવસે સવારે ૬.૦૦ વાગે
૨૮. સેવકોની બેઠકસભા - પ્રથમ શનિવારે સાંજે ૬.૦૦ વાગે
૨૯. માતાપિતાઓની પ્રાર્થનાસભા - પ્રથમ રવિવારે સાંજે ૪.૦૦ વાગે
૩૦. રાત્રી પ્રાર્થનાસભા - ત્રીજા શુક્રવારે રાત્રે ૯.૩૦ વાગે
૩૧. ઉપવાસ સાથેની પ્રાર્થનાસભા - બીજા શનિવારે સવારે ૯.૩૦ વાગે
૩૨. પવિત્ર સહભાગીતા - બીજા રવિવારની ભજનસેવામાં
૩૩. જુવાનો/બાળકો માટે પ્રાર્થના - દરરોજ સાંજે ૧૦.૦૦ વાગે (ફોન દ્વારા)
૩૪. કર્મચારીઓની ભક્તિસભા - દરરોજ સવારે ૯.૦૦ વાગે
૩૫. કાર્યાલય - સવારે ૯.૦૦ થી રાત્રે ૯.૦૦ વાગે સુધી (રવિવારો સિવાય)

## ઇકો ઓફ હીજ કોલ પત્રવ્યવહાર અભ્યાસક્રમો

### ૧. બાઈબલકોર

અમે બાઈબલના મૂળભૂત સત્યો પર આધારિત પત્રવ્યવહાર અભ્યાસક્રમ નવા ખ્રિસ્તીઓ માટે અને બીન-ખ્રિસ્તીઓ માટે રજૂ કરીએ છીએ- અંગ્રેજીમાં- ૫૭ પૃષ્ઠો, હિન્દીમાં-૭૬ પૃષ્ઠો અને તામિલમાં-૯૬ પૃષ્ઠોનો. તમને અભ્યાસક્રમનું પુસ્તક, જેનું નામ છે, "નવુ જીવન-તમારા માટે" એ મળશે. આ અભ્યાસક્રમની સમાપ્તિ પછી તમને એક સર્ટીફીકેટ આપવામાં આવશે. આ માટે કોઈ ફરજીયાત શુલ્ક નથી. તમે આશીર્વાદિત થશો!

### ૨. ઈશ્વરવિદ્યાનો પત્રવ્યવહાર અભ્યાસક્રમ

અગ્રિમ અંતર શિક્ષણ જે **ઈશ્વરવિદ્યાનો પત્રવ્યવહાર અભ્યાસક્રમ** તરીકે ઓળખાય છે, તે અંગ્રેજીમાં ૫૩૭ પૃષ્ઠો અને તામિલમાં-૬૫૨ પૃષ્ઠો સાથે પાળકો, સુવાર્તિકો, ખ્રિસ્તી આગેવાનો અને લે આગેવાનો માટે ઉપલબ્ધ છે. રૂ.૧૦૦૦/- ફી શુલ્ક લેવામાં આવશે. ૧૪૯ પ્રકરણો સાથે ૭ પુસ્તકો આપવામાં આવશે. **મિનિસ્ટ્રીમાં સર્ટીફીકેટ** આપવામાં આવશે. ઇશ્વર તમને આશીર્વાદિત કરશે!

વધુ માહિતી માટે અમારા પર લખો

**The Chairman, Nehemiah Bible College,**
Echo of His Call, **Post Box 2957**
CHEPAUK, CHENNAI - 600 005.
**Ph.: (044) 2852 8282, 2852 9293, 2854 7766,**
**Cell : 98410 71852, 95661 31858**
**E.mail : biblecor@yahoo.co.in**

## ઈકો ઓફ હીજ કોલ માસિક સામયિક વિના મૂલ્ય મેળવવાની એક સારી તક

જો તમે તમારા મિત્રો, સંબંધીઓના સરનામા ટપાલથી, પત્રથી, ઈમેલથી, વોટ્સઅપથી અથવા ફોનથી અમારા પર મોકલશો, તો અમે ઈકો ઓફ હીજ કોલ માસિક સામયિક તેમના ઘરે વિના મૂલ્ય મોકલશું.

## કર મુક્તિ

કોઈ પણ વ્યક્તિ કે સંસ્થા દ્વારા ઈકો ઓફ હીજ કોલ શૈક્ષણિક ટ્રસ્ટને અપાયેલ દાનો આવકવેરા મુક્તિ હેઠળ સેક્સન ૮૦જી મુજબ કર મુક્તિને પાત્ર છે. આ માટે અધિકૃત રસીદ આપવામાં આવશે. મહેરબાની કરીને તમારા આવા દાનો ડિમાન્ડ ડ્રાફ્ટ / ચેકો / મનિઓર્ડર દ્વારા ઈકો ઓફ હીજ કોલ શૈક્ષણિક ટ્રસ્ટની તરફેણમાં લખો અને અમને મોકલી આપો.

| | | |
|---|---|---|
| **Account Name** | : | **ECHO OF HIS CALL EDUCATIONAL TRUST** |
| **Account Number** | : | **1023 2923 805** |
| **Bank Name** | : | **STATE BANK OF INDIA** |
| **Branch** | : | **TRIPLICANE, CHENNAI - 600 005** |
| **IFSC Code** | : | **SBIN 0000249** |
| **SWIFT Code** | : | **SBI NIN BB 455** |



# ખાડામાંથી મહેલમાં

## Pit To Palace

(પાળક એસ. સામ સેલ્વરાજના જીવનનાં અનુભવો)

**"જે વાંચે, તે સમજે"** (માથ્થી ૨૪:૧૫)

## યહોવા પ્રભુએ મારી દીનાવસ્થામાં મને સંભાર્યો છે!

**"જેણે આપણી દીનાવસ્થામાં આપણને સંભાર્યા તેની સ્તુતિ કરો, કેમ કે તેની કૃપા અનંતકાળ છે."**
**- ગીતશાસ્ત્ર ૧૩૬:૨૩**

મારી મિનિસ્ટ્રીના શરૂઆતના દિવસોમાં, હું મારા એક મિત્રના પરિવાર સાથે વિદેશમાં થોડા દિવસો માટે રોકાયો હતો. તેઓએ મારી તમામ મૂળભૂત જરૂરિયાતો પૂરી પાડી હતી અને ત્યાંના મારા રોકાણને આરામદાયક બનાવ્યું હતું.

એક સાંજે, મારા મિત્ર જેઓ મારા યજમાન હતા, તેઓ મારા ઓરડામાં આવ્યા અને કહ્યું, "મને લાગે છે કે તમે કોઈ ખાસ જરૂરિયાત માટે ઈશ્વરને પ્રાર્થના કરી રહ્યા છો, શું હું તેના વિશે જાણી શકું? શું તમે મને તે વિશે સમજાવશો?"

મેં જવાબ આપ્યો કે, અમે અમારું મેગેઝિન, **ઈકો ઓફ હિઝ કોલ**, અન્ય છાપખાનાઓમાં છાપીએ છીએ. કેમ કે અમને તેને સમયસર પ્રકાશિત કરવાનું ખૂબ જ મુશ્કેલ લાગતું હોવાથી, હું ઓફસેટ પ્રિન્ટિંગ મશીન, છાપખાના માટે  ઘણા જ બોજ સાથે પ્રાર્થના કરું છું.

તેણે કહ્યું કે તે પણ જરૂર તે માટે પ્રાર્થના પણ કરશે.

બીજે દિવસે, જ્યારે હું પ્રચાર માટે ઘરની બહાર નીકળી રહ્યો હતો, ત્યારે મારો મિત્ર અને તેની પત્ની મારી પાસે આવ્યા. તેઓએ મને દસ્તાવેજો બતાવ્યા જેમાં તેમની અરજી અને બેંકને આપેલું જાહેરનામું સામેલ હતું, જેમાં તેઓએ મોટી રકમ મેળવવા માટે તેમનું ઘર ગીરવે રાખવાનું નક્કી કર્યું હતું, જેમાંથી તેઓ **ઈકો ઓફ હિઝ કોલ મિનિસ્ટ્રી** માટે છાપખાના માટે જરૂરી મશીન ખરીદવા માંગતા હતા.

હું ચોંકી ગયો અને મારા આત્મામાં વ્યગ્ર થયો હતો અને તેમને મક્કમતાથી કહ્યું, "તમે બેંકમાંથી લોન તરીકે જે પૈસા લેવાના છો તે હું સ્વીકારીશ નહિ."

મારા વલણથી તે પરિવારને આશ્ચર્ય થયું. તેઓએ મને એક એવી વ્યક્તિ તરીકે દર્શાવ્યો, "જે જગતમાં ટકી રહેવાનું જાણતો નથી." તેઓ મને તેમની રજૂઆત સ્વીકારવા સમજાવતા રહ્યા હતા. પણ હું મારા નિર્ણય પર દ્રઢ રહ્યો હતો અને પ્રાર્થના કરવાનું ચાલુ રાખ્યું હતું.

કેટલાક દિવસો પછી, હું ભારતમાં પાછો ફર્યો. પ્રભુએ મારા ગરીબ ભારતીય મિત્રોના હૃદયોને પ્રેરિત કર્યા હતા અને તેઓએ મને આપેલા દાનોથી હવે હું છાપખાનાનું એક સારું ઓફસેટ મશીન ખરીદવા સક્ષમ બન્યો હતો.

**હું અનુભવ કરી શકતો હતો અને જોઈ શકતો હતો કે યહોવા પ્રભુ ઉત્તમ છે.** (ગીતશાસ્ત્ર ૩૪:૮). નીતિવચનો ૨૮:૨૦ના વચનો અનુસાર પ્રભુની કૃપાએ મને ધરી રાખ્યો હતો **"વિશ્વાસુ માણસ આશીર્વાદથી ભરપૂર થશે."**

જોકે **ઈકો ઓફ હિઝ કોલ** મિનિસ્ટ્રી પાસે નિયમિત, ચોક્કસ આવક નથી, પ્રભુ તેમનામાંના અમારા વિશ્વાસ દ્વારા બધી જરૂરિયાતો પૂરી પાડે છે. સર્વ માન મહિમા તથા સ્તુતિ ઈશ્વરને માટે. આમીન.

*****

(પાન ૬ પરથી આગળ...)

**અદોમીઓને પરાજિત કર્યા પછી, અમાસ્યા તેમની મૂર્તિઓ પાછી લાવ્યો હતો અને તેઓની ઉપાસના કરી હતી.** (૨ કાળવૃત્તાંત ૨૫:૧૪).

આ વિશે વિચાર કરો:

ઈશ્વરે તેને વિજય અપાવ્યો હતો

- તેનામાં ઘમંડ પ્રવેશ્યું   હતું
- વિવેક બુદ્ધિ જતી રહી હતી
- સમાધાન અનુસર્યું હતું

તેણે પરાજિત લોકોના દેવોની ઉપાસના કરી હતી. આ રીતે ભ્રામક, છેતનાર પાપ હોઈ શકે છે.

### બ. સુધારવાનો નકાર, અસ્વીકાર!

અગાઉ, અમાસ્યાએ સુધારણાને સ્વીકારી હતી. હવે, ગર્વથી ભરાઈને, તેણે તેનો અસ્વીકાર કર્યો હતો.

**"જે લોકોના દેવોએ પોતાના લોકોને તારા હાથમાંથી બચાવ્યા નથી તેઓની ઉપાસના તેં શા માટે કરી છે?"** ૨ કાળવૃત્તાંત ૨૫:૧૫

અમાસ્યાએ ગુસ્સાથી, ઘમંડ સાથે પ્રતિસાદ આપ્યો હતો:

**"શું અમે તને અમારો મંત્રી ઠરાવ્યો છે?"** (૨ કાળવૃત્તાંત ૨૫:૧૬).

તેના વર્તનમાં, વલણમાં કેટલો ફરક આવ્યો હતો! જે ક્ષણે આપણે ઈશ્વરની સુધારણાને સાંભળવાનું બંધ કરીએ છીએ, ત્યારે આપણે વિનાશના ઢાળ તરફ જવાનું શરૂ કરીએ છીએ.

જ્યારે તે અનુકૂળ હતું ત્યારે તેણે આજ્ઞા પાળી હતી; પણ જ્યારે આજ્ઞાપાલન અસુવિધાજનક બની ગઈ હતી, ત્યારે તેણે તેનો અસ્વીકાર કર્યો હતો. તે પાપ નથી જે આપણો પ્રથમ નાશ કરે છે – તે ઈશ્વરની સુધારણાને સ્વીકારવાનો નકાર છે. આ વર્ષ માટે મારી પ્રાર્થના એ છે કે ઈશ્વર આપણને દરેક પગલે તેમનો અવાજ સાંભળવામાં  અને તેમના માર્ગમાં વિશ્વાસુપણે ચાલવામાં સહાય કરો.

**જ્યારે તમે જમણી તરફ કે ડાબી તરફ ફરો, ત્યારે તમારા કાનો તમારી પછવાડેથી એવી વાત આવતી સાંભળશે કે, "માર્ગ આ છે, તે પર તમે ચાલો."** યશાયા ૩૦:૨૧

સૌથી ઉપર, આપણે સંપૂર્ણ શરણે જતા શીખવું જોઈએ અને તે માર્ગદર્શક અવાજનું પાલન કરવું જોઈએ.

## ક. સમાધાન ઘમંડ, બંડ તથા આંધળાપણા તરફ દોરી લઈ જાય છે!

સમાધાન જોખમકારક સાંકળી પ્રતિક્રિયા ઉત્પન્ન કરે છે:

- ઘમંડ
- મૂર્તિપૂજા
- સલાહ સાંભળવાનો નકાર
- સ્વયં નિર્ભરિતા
- ચેતવણીઓને અવગણવી
- મૂર્ખતાભર્યા નિર્ણયો

સમર્પણ વિનાની પ્રતિબદ્ધતા હંમેશા સમાધાન તરફ દોરી લઈ જાય છે.

# ૩. પરિણામ!

**તમે જો સમર્પણને સ્વીકારશો નહિ તે તમારો નાશ કરશે!**

(૨ કાળવૃત્તાંત ૨૫:૧૭-૨૮)

## અ. એક યુદ્ધ જેને ઈશ્વરે મંજૂરી આપી નહોતી!

પોતાની સફળતાના ગર્વથી અમાસ્યાએ ઈસ્રાએલના રાજાને યુદ્ધ માટે પડકાર ફેંક્યો. ઈશ્વર તેની સાથે ન હતા.

ઈશ્વર વગરનો આત્મવિશ્વાસ જોખમકારક છે. તેણે ધાર્યું હતું કે સફળતા એ ઈશ્વરની મંજૂરીનો પુરાવો છે. ઈસ્રાએલના રાજાએ તેને દૃષ્ટાંત દ્વારા ચેતવણી આપી પણ અમાસ્યાએ તેની અવગણના કરી. જ્યારે વ્યક્તિનું હૃદય ઈશ્વરને સમર્પિત થતું નથી, ત્યારે તે દરેકને સાંભળવાનું બંધ કરી દે છે, તેનું પણ જેને ઈશ્વર મોકલે છે.

## બ. ડહાપણભરેલી ચેતવણીઓને અવગણવી!

શત્રુ પણ અમાસ્યાના ઘમંડને ઓળખી ગયો હતો:

**"તું તારા મનમાં ફુલાઈ ગયો છે; તું તારે ઘેર જ રહે."** (૨ કાળવૃત્તાંત ૨૫:૧૯)

જ્યારે 'ઘમંડ' આપણને સત્યથી અંધ કરે છે ત્યારે આપણે સામાન્ય જ્ઞાનને પણ સાંભળવાનું બંધ કરીએ છીએ. આવો પ્રભુ આપણને આ મૂર્ખતાથી બચાવો.

## ક. અમાસ્યાનું સંપૂર્ણ પતન!

સમાધાનને કારણે:



*યરૂશાલેમનો કોટ તોડી પાડવામાં આવ્યો હતો.*

તેના સૈન્યનો પરાજય થયો હતો

- યરૂશાલેમનો કોટ તોડી પાડવામાં આવ્યો હતો
- મંદિરને લૂંટી લેવામાં આવ્યું હતું
- તેને પકડવામાં આવ્યો હતો
- તેનું જીવન શરમ અને કાવતરામાં પૂરું થયું હતું.

જે માણસે પ્રતિબદ્ધતા, સમર્પિતતા સાથે શરૂ કરી હતી, તે સંપૂર્ણ રીતે તૂટી ગયો હતો.

શા માટે?

કારણ કે તેણે સારું કર્યું હતું - પણ ખરા અંતઃકરણથી નહિ.

તેઓ ધીમે ધીમે પડી જાય છે - નાના સમાધાન દ્વારા.

સમર્પિતતા -- સમાધાન -- પરિણામ

## અ. અંતિમ તેડું: સંપૂર્ણ સમર્પિતતા પસંદ કરો!

વહાલા મિત્રો, ઈશ્વર સંપૂર્ણતાની માંગ કરતા નથી - પણ તેઓ સંપૂર્ણ અંતઃકરણ સાથેની ભક્તિ માટે તેડું આપે છે.

- પ્રતિબદ્ધતા સારી છે
- આંશિક સમર્પિતતા જોખમી છે
- સમાધાન વધશે
- પરિણામો અનુસરશે

પ્રેમ અને દયાથી, ઈશ્વર આપણને તેડે છે:

જે તમને બચાવી ન શકે તેની તરફ શા માટે જાઓ છો? પાછા આવો. સંપૂર્ણ સમર્પિતતા સાથે."

ઈસુએ વધસ્તંભ પર તેમનું જીવન આપી દીધું કે જેથી તમે અને હું સંપૂર્ણ રીતે સમર્પણ સાથે જીવનો જીવી શકીએ.

પાછા આવો. સંપૂર્ણપણે સમર્પિત થાઓ.

ઈશ્વર પાસે પાછા આવો - તેઓ ખુલ્લા હાથે રાહ જોઈ રહ્યા છે. આવો આપણે એ લપસણા માર્ગે ન ચાલીએ જે માર્ગ અમાસ્યાને નાશ તરફ દોરી લઈ ગયો હતો. આ જ કારણ છે કે ખ્રિસ્ત જગતમાં આવ્યા હતા અને તમારો અને મારો ઉદ્ધાર કરવા માટે, કાલવરીના વધસ્તંભ પર પોતાનો પ્રાણ આપી દીધો હતો.

## *આવો આપણે મનન કરીએ*

- શું આપણે અમુક ક્ષેત્રોમાં સમર્પિત છીએ પણ અન્યોમાં સમાધાન કરીએ છીએ?
- કયા "ઉચ્ચસ્થાનો" ને આપણે તોડી પાડ્યા નથી - કડવાશ, ગુપ્ત ટેવો, વ્યસનો?
- આપણા અંતઃકરણનો કયો ભાગ ઈશ્વરને સંપૂર્ણ રીતે વિશ્વાસુ નથી?

આવો આપણે પ્રાર્થના કરીએ અને પ્રભુની નજરમાં જે યોગ્ય છે તે કરીને ૨૦૨૬ને પૂર્ણ કરવાનો પ્રયત્ન કરીએ - વિશ્વાસુ અંતઃકરણથી.

**નોટિસ**

આપના મોબાઈલ ફોનમાં અમારા મોબાઈલ નંબર સેવ કરી રાખશો
(+91) 98410 71858,
(+91) 98412 71858
(main numbers) - સંપાદક

Posted at "Egmore RMS Patrika Channel" RNI NO. 70103/98, Postal Regn. No. TN/CH(C)/203/24-26 WPP NO. TN/PMG(CCR)/WPP-216/24-26

## OUR BANK DETAILS:

### *1. Bank : State Bank of India*

Branch : **Triplicane, Chennai-5**
Name : **S. Sam Selva Raj**
A/C No. : **1023 2934 679**
IFSC : **SBIN 00 00 249**
SWIFT CODE : **SBI NIN BB 455**

### *2. Bank : ICICI Bank*

Branch : **Anna Salai, Chennai-6**
Name : **Echo of His Call**
A/C No. : **6038 0502 2319**
IFSC : **ICIC 000 6038**

### *3. Bank : State Bank of India*

**(This Account is for Tax Exemption for Indians only )**

Branch : **Triplicane, Chennai-5**
Name : **Echo of His Call Educational Trust**
A/C No. : **1023 2923 805**
IFSC : **SBIN 00 00 249**

## OUR QR CODE:

**Google Pay: 98410 71858**
**PayPal : SAM SELVA RAJ**
*****
**E.mail : sam@echoofhiscall.org**

# તેમના સાદનો પ્રતિસાદ

૧૬ ભાષાઓમાં પ્રકાશિત ઋતુ માસિક સામાયિક, બાઈબલ કોલેજો, પત્રવ્યવહાર અભ્યાસક્રમો, ચર્ચ પ્લાંટીંગ, ગ્રામ્ય અંગ્રેજી માધ્યમિક સ્કુલ, સુવાર્તા છાપખાનું, ધર્મસભાઓ, પરિસંવાદો, સામાજીક સેવાઓ વગેરે.

વાર્ષિક લવાજમ : રૂ.૧૦૦/-    આજીવન લવાજમ રૂ.૨૦૦૦/-

**તેમના સાદનો પ્રતિસાદ** (ઇકો ઓફ હીજ કોલ) મિનિસ્ટ્રીની અનેકવિધ પ્રવૃત્તિઓ તમારા જેવા દેવના લોકો દ્વારા મળનાર સ્વૈછીક દાનો પર આધારીત છે. જેમ ઈશ્વર તમને દોરે તેમ તમે ઈકો ઓફ હીજ કોલ અને તેની પ્રવૃત્તિઓને મદદ કરી શકો છો. અમને તમારી મદદની જરૂર છે જેથી અમે વણખેડાયેલા લોકો સુધી સુવાર્તા મોકલી શકીએ અને ચર્ચો ઉભા કરી શકીએ.

જો તમે **ઈકો ઓફ હીજ કોલ** (તેમના સાદનો પ્રતિસાદ) સામાયિક નિયમિતપણે મેળવવા માગો છો, તો મહેરબાની કરીને અમારા પર લખો. જ્યારે પણ તમે તમારું પત્રવ્યવહાર સરનામું અથવા ઈમેલ સરનામા બદલો, મહેરબાની કરીને અમને તમારા જુના અને નવા સરનામા જણાવશો.

**ઈકો ઓફ હીજ કોલ** (તેમના સાદનો પ્રતિસાદ) ૧૬ ભાષાઓમાં અમારી વેબસાઈટ પર ઉપલબ્ધ છે, તમે તે સાઈટ પર જઈને વાંચી શકો તેમજ ડાઉનલોડ કરી શકો અને આશિર્વાદ મેળવો.

તમારા પત્રો, પ્રાર્થના વિનંતિઓ અને તમારી નાણાંકીય મદદો મનીઓર્ડર, ચેક અથવા ડી.ડી.દ્વારા NEFT, PayPal (Sam Selva Raj, sam@echoofhiscall.org) Phone Pay (9841071858) GPay (9841071858) વેસ્ટર્ન યુનિયન, મનીગ્રામ વગેરે મારફત ઇકો ઓફ હીજ કોલ મિનિસ્ટ્રી પર નીચે દર્શાવેલ સરનામાપર મોકલી શકો છો.

મહેરબાની કરીને તમારા **ઘરનો ફોન/સેલ નંબરો, ઈમેલ સરનામા** અપડેશન માટે મોકલો.

અમારું સરનામું **ECHO OF HIS CALL**

10, MOHAMMED ABDULLAH 2ND STREET, CHEPAUK, CHENNAI - 600 005, INDIA
PH: (+91-44) 2852 8282, 2852 9293, 2854 7766/ Cell: (+91) 98410 71852, 95661 31858 / E.mails: sam@echoofhiscall.org / biblecor@yahoo.co.in
Websites: www.echoofhiscall.org / www.stpaulsmatriculation.org

**YOU CAN SEND YOUR DONATION ONLINE ALSO**

RNI NO. 70103/98
Postal Regn. No. TN/CH/(C)/203/24-26
WPP NO. TN/PMG(CCR) / WPP- 216/24-26
Date of Publication: Third week of every month
Date of Posting : 15th & 16th of every month
Posted at "Egmore RMS Patrika Channel"
on 16th FEBRUARY 2026

If un-delivered please return to:
**ECHO OF HIS CALL (GUJARATI)**
P.O. Box No. 2957,
Chepauk, Chennai - 600 005, INDIA.
Phone: (+ 91- 44) 2852 8282, 2852 9293, 2854 7766

*JESUS LOVES YOU!*

To

*GOD BLESS YOU!*

Owned and published by **S. Sam Selva Raj** from New No. 8 & 10, Old No.18 & 19, Mohammed Abdullah 2nd Street, Chepauk, Chennai-600 005 and printed by **S. Sam Selva Raj** at **Echo of His Call Printers**, New No. 8 & 10, Old No.18 & 19, Mohammed Abdullah 2nd Street, Chepauk, Chennai-600 005. Editor: **S. Sam Selva Raj.**